## પશ્ચિમ રેલ્વે પોલીસ યુનિટ વડોદરાની તા. ૧૧/૦૯/૨૦૨૨ થી તા. ૧૭/૦૯/૨૦૨૨ સુધીના વિકની સારી કામગીરી (પોલીસ સાફલ્ય ગાથા) ની વિગત :-

**(૧) સુરત રે.પો.સ્ટે. સ્ટે.ડા.એન્ટ્રી નંબર : ૦૬/૨૦૨૨ તા.૧૨/૦૯/૨૦૨૨ :-**

તા. ૧૨/૦૯/૨૦૨૨ ના રોજ આર.પી.એફ. સુરત નાઓએ રીપોર્ટ સાથે એક બાળક સુરત રે.પો.સ્ટે.મા રજુ કરતા વુ.એ.એસ.આઇ. મનીષાબેન મધુકર બ.નં. ૪૩૫ નાઓએ તેનુ નામ ઠામ પુછતા પોતે પોતાનુ નામ ઓમકાંત જયકાંત ગાયકવાડ ઉ.વ. ૧૩ ધંધો અભ્યાસ રહે ગલી નં. ૪, ઉલ્લાસનગર મુંબઇ વાળો હોવાનુ અને તે તેના ઘરે ટી.વી. જોતો હતો તે દરમ્યાન બાળકના પિતા દારુ પીને આવતા તેઓએ તેને માર મારતા તે ઘરેથી કઇને પણ જાણ કર્યા વગર નિકળી કલ્યાણ રેલ્વે સ્ટેશનથી ટ્રેનમા બેસી સુરત આવેલ હોવાનુ જણાવતા બાળકના વાલી-વારસો મળી ન આવે ત્યાં સુધી તેની સાર-સંભાળ માટે શ્રી વી.આર. પોપાવાલા ચિલ્ડ્રન હોમ કતારગામ, સુરત ખાતે મુકવામા આવેલ બાદ ઉલ્લાસનગર પોલીસ સ્ટેશનનો સંપર્ક કરી જાણ કરતા વિઠ્ઠલવાડી પોલીસ સ્ટેશનમા ગુ.ર.નં. ૨૯૦/૨૦૨૨ ઇ.પી.કો કલમ-૩૬૩ મુજબ તા. ૧૨/૦૯/૨૦૨૨ ના રોજ ગુનો દાખલ થયેલ હોવાનુ જણાવેલ અને બાળકના દાદી નામે એલવા ચંદ્રકાંત ગાયકવાડ તથા વિઠ્ઠલવાડી પો.સ્ટે.ના હે.કો. નાઓ સુરત રે.પો.સ્ટે.મા બાળકને લેવા માટે આવતા ગુનાની એફ.આઇ.આર. તથા બાળકની માતાનુ નિવેદન મેળવી શ્રી વી.આર. પોપાવાલા ચિલ્ડ્રન હોમ કતારગામ સુરત ખાતેથી બાળકનો કબજો મેળવી સદર બાળકનો કબ્જો તેની માતા તથા વિઠ્ઠલવાડી પો.સ્ટે.ના હે.કો.ને રૂબરૂમા સોપવામાં આવેલ છે.

**(૨) સુરત રે.પો.સ્ટે. સ્ટે.ડા. એન્ટ્રી નંબર : ૪૫/૨૦૨૨ તા.૧૪/૦૯/૨૦૨૨ :-**

તા. ૧૪/૦૯/૨૦૨૨ ના રોજ વુ.એ.એસ.આઇ. મનીષાબેન મધુકર બ.નં. ૪૩૫ નાઓ સુરત રેલ્વે સ્ટેશન ઉપર હાજર હતા તે વખતે પ્લે.નં. ૦૨ ઉપર એક મહિલા નાની દિકરીને લઇને એકલી બેસેલ જોવામાં આવતા તેની પુછપરછ કરતા તેને જણાવેલ કે તેના પતિ સુરત રહે છે અને તેઓએ ફોન કરી જણાવેલ કે તુ સુરત આવી જા જેથ હુ તા. ૧૩/૦૯/૨૨ ના રોજ દિલ્હીથી પશ્ચિમ એકસ. ટ્રેનમા બેસી સુરત આવેલ અને તેના પતિને ફોન કરતા તેઓએ ફોન ઉપર વાત કરી ઝઘડો કરી ફોન બંધ કરી નોંકરી ઉપર જતો રહેલ. અને ત્યાર બાદ અવાર-નવાર ફોન કરતા તેનો ફોન સ્વીચ ઓફ આવતો હોવાનુ જણાવતા તેને સુરત રે.પો.સ્ટે.મા લાવી તેનુ નામ ઠામ પુછતા પોતે પોતાનુ નામ ગુલપસા વા/ઓ જીસાન મન્સુરી ઉં.વ. ૨૦, ધંધો-ઘરકામ, રહે. રાજવલ્ડ સુરત મુળ પુરાની ગા, જસોલા અકોલા નવી દિલ્હી નાઓ પાસેથી તેના સાસુ-સસરાનો સંપર્ક નંબર મેળવી જાણ કરતા તેઓએ જણાવેલ કે અમારી દિકરી સુરત ખાતે રહે છે તેને અમો ફોન કરી જણાવીએ છીએ તેમ જણાવેલ બાદ સદર મહિલાનો પતિ નામે જીસાન મન્સુરી ઉં.વ.૨૦, ધંધો-મજુરી નાઓના મો.ફોન ઉપર સંપર્ક કરી જાણ કરતા તે સુરત રે.પો.સ્ટે.મા તેની પત્નીને લેવા માટે આવતા તેનુ નિવેદન તથા યોગ્ય આધાર પુરાવા મેળવી સદર મહિલા તથા બાળકીનો કબજો તેના પતિને રૂબરૂમા સોંપવામા આવેલ છે.

**(૩) સુરત રે.પો.સ્ટે. સ્ટે.ડા.એન્ટ્રી નંબર : ૦૯/૨૦૨૨ તા.૧૫/૦૯/૨૦૨૨ :-**

તા.૧૫/૦૯/૨૦૨૨ ના રોજ આર.પી.એફ. ટ્રેન પેટ્રોલીંગના માણસો રાજધાની એકસ. ટ્રેનમા હાજર હતા તે વખતે એક છોકરી મળી આવતા તેને મેમા સાથે સુરત રે.પો.સ્ટે.મા લાવી રજુ કરતા વુ.એ.એસ.આઇ. મનીષાબેન મધુકર બ.નં. ૪૩૫ નાઓએ સદર છોકરીનુ નામ ઠામ પુછતા પોતે પોતાનુ નામ પ્રિતી ડો/ઓ શૈલેષ જાતે-જયસ્વાલ ઉં.વ.૧૭, ધંધો-અભ્યાસ, રહે. ગાવ નડલાસન, ચેહાપુર, જી. આજમગઢ યુ.પી. હાલ બદલાપુર મુંબઇ વાળી હોવાનુ અને તેને તેના વતનમા રહેતા છોકરા સાથે પ્રેમ સબંધ બંધાઇ ગયેલ હતો ત્રણેક મહિના પહેલા તેની બહેનની ડીલીવરી થવાની હોવાથી તે તેની બહેનના ઘરે આવેલ હતી ફોન ઉપર તેના બોયફ્રેન્ડ સાથે વાતચીત કરતા તેની બહેન જોઇ જતા તેને ફોન લઇ લેતા ગુસ્સામા ઘરે કોઇને પણ જાણ કર્યા વગર મુંબઇ સેન્ટ્રલથી ટ્રેનમા બેસી આવેલ હોવાનુ જણાવતા તેની પાસેથી તેના પિતાનો સંપર્ક નંબર મેળવી જાણ કરતા તેઓ સુરત રે.પો.સ્ટે.મા લેવા માટે આવતા તેઓનુ નિવેદન તથા યોગ્ય આધાર પુરાવા મેળવી સદર છોકરીનો કબજો તેના પિતાને રૂબરૂમા સોંપવામા આવેલ છે.

**(૪) સુરત રે.પો.સ્ટે. સ્ટે.ડા.એન્ટ્રી નંબર : ૧૫/૨૦૨૨ તા.૧૫/૦૯/૨૦૨૨ :-**

તા. ૧૫/૦૯/૨૦૨૨ ના રોજ હે.કો. કેસરીસિંહ ઉદેસિંહ સુરત રે.પો.સ્ટે. નાઓ નાઇટ ડયુટીમા ફરજ પર હતા તે વખતે તેમને એક છોકરી મળી આવેલ જેને સુરત રે.પો.સ્ટે.મા લાવી રજુ કરતા વુ.એ.એસ.આઇ. મનીષાબેન મધુકર બ.નં. ૪૩૫ નાઓએ સદર છોકરીનુ નામ ઠામ પુછતા પોતે પોતાનુ નામ સ્વાતી ડો/ઓ કેદારનાથ પાંડે ઉં.વ. ૧૩, ધંધો અભ્યાસ રહે સંતોષભવન, શિવધામ ચોક, રૂમ નં. ૭, નાલાસોપારા ઇસ્ટ મુંબઇ વાળી હોવાનુ જણાવતા તેની વધુ પુછપરછ કરતા તેને જણાવેલ કે તા. ૧૪/૦૯/૨૨ ના રોજ સવારના સ્કુલે ગયેલ અને સ્કુલમા કલાસ ટીચરે જણાવેલ કે તેઓ સ્કુલમા છોકરાઓ સાથે મસ્તી કરે છે જે બાબતની જાણ પ્રિન્સીપાલશ્રી નાઓને કરેલ છે અને પ્રિન્સીપાલે તમને ત્રણેયને સ્કુલમાંથી કાઢી મુકવાના છે જેથી તેઓને બીક લાગતા અને ઘરે ખબર પડી જશે તો માતા-પિતા બોલશે તે બીકથી તેઓ સ્કુલમાંથી ત્રણેય બહેનપણીઓ નાલાસોપારા આવેલ હતી અને ત્યાંથી વિરાર રેલ્વે સ્ટેશનથી ટ્રેનમા બેસી આવતા તેની બે બહેનપણી વાપી રેલ્વે સ્ટેશન ઉતરી ગયેલ અને પોતે સુરત આવેલ હોવાનુ જણાવતા તેની બે બહેનપણીઓનુ નામ પુછતા પ્રિયા રામશકલ ચૌધરી તથા ખુશી ગીરી હોવાનુ જણાવેલ અને તે ત્રણેય સ્કુલેથી નિકળી આવેલ હતા જયા સાંજ સુધી ઘરે ન પહોંચતા તેઓના માતા-પિતાએ શોધખોળ કરેલ હતી અને નહી મળી આવતા તેઓના માતા-પિતાએ પેલ્હાર પોલીસ સ્ટેશનમા જાણ કરતા ગુ.ર.નં. ૭૮૬/૨૦૨૨ ઇ.પી.કો. કલમ-૩૬૩ મુજબ ગુનો દાખલ થયેલ અને ગુનાની તપાસ કરતા પો.સ.ઇ.શ્રી સનીલ પાટીલ તથા વુમન પો.કો. પુંજા જાદવ નાઓ સુરત રે.પો.સ્ટે.મા લેવા માટે આવતા ગુનાની એફ.આઇ.આર. રજુ કરતા સદર છોકરીનો કબજો પો.સ.ઇ.શ્રી સનીલ પાટીલ તથા વુમન પો.કો. પુંજા જાદવ નાઓને રૂબરુમા સોંપવામા આવેલ છે.

**(૫) સુરત રે.પો.સ્ટે. સ્ટે.ડા.એન્ટ્રી નંબર : ૪૩/૨૦૨૨ તા.૧૫/૦૯/૨૦૨૨ :-**

તા. ૧૫/૦૯/૨૦૨૨ ના રોજ સુરત રે.પો.સ્ટે.ના નાઇટ ડયુટી પી.એસ.ઓ. હે.કો. સુર્યનાથ નાઓએ વુ.એ.એસ.આઇ. મનીષાબેન મધુકર બ.નં. ૪૩૫ નાઓને ફોન કરી જાણ કરેલ કે, એક મહિલા સુરત રેલ્વે સ્ટેશન ઉપર સુસાઇટ કરવા આવેલ જેને પોલીસ માણસોએ સુરત રે.પો.સ્ટે.મા લાવેલ છે તો યોગ્ય કાર્યવાહી કરશો તેમ જણાવતા વુ.એ.એસ.આઇ. મનીષાબેન સુરત રે.પો.સ્ટે.મા આવી સદર મહિલાનુ નામ, ઠામ પુછતા પોતે પોતાનુ નામ સવિતા વા/ઓ અશોકભાઇ ઓઝા ઉં.વ.૩૬, ધંધો-નર્સીંગની નોંકરી, રહે. પારસમણી એપાર્ટમેન્ટ ડી/૧૦૩, કોઝવે રોડ, તાડવાડી રાંદેર, સુરત વાળી જણાવે છે કે આજથી એક વર્ષ પહેલા મારી સાથે નોકરી કરતા પંકજભાઇ સાથે મારે ઓળખાણ થયેલ હતી અને ત્યારથી અમો સાથે જ નોંકરી કરતા હતા તે વખતે તેને પૈસાની તકલીફ પડતા તેઓએ તેની પાસે પૈસાની માંગણી કરતા તેઓએ તેના પતિને પુછયા વગર પંકજભાઇને વીસ હજાર રૂપીયા આપેલ હતા અને પાંચ-છ મહિના થતા તેઓએ પૈસા નહીં આપતા તેઓ વચ્ચે બોલા-ચાલી થયેલ હતી ત્યાર બાદ પંકજભાઇએ તેને ચેક આપેલ અને જણાવેલ કે અત્યારે ચેક નહી નાખતા મારા ખાતામા પૈસા નથી તેમ જણાવી ઓગષ્ટ મહિનામા પંકજભાઇએ ત્રણ હજાર રૂપીયા આપેલ હતા અને તા. ૧૪/૦૯/૨૨ ના રોજ તે પંકજભાઇના ઘરે જઇ પૈસાની માગણી કરતા પંકજભાઇએ તેને ધક્કો મારી ઘરની બહાર કાઢી મુકતા સદર મહિલાને લાગી આવતા તેને જણાવેલ કે તે સુસાઇટ કરવા જાઉ છુ તેમ કહીને તે તેના રહેણાંકના ઠેકાણેથી એકટીવા લઇને સુરત રેલ્વે સ્ટેશન આવેલ અને ત્યાં ફરજપરના હોમગાર્ડના સ્ટાફને એકટીવાની ચાવી આપી તેઓને જણાવેલ કે આ ચાવી તેજલબેન આવે છે તેઓને આપી દેશો અને ચાલતા જતા કહેવા લાગેલ કે તેઓ સુસાઇટ કરવા જાય છે તેમ જણાવતા પી.એસ.ઓ.એ નાઇટ ડયુટીના લેડીજ સ્ટાફને બોલાવી સદર મહિલાને પકડી સુરત રે.પો.સ્ટે.મા લાવેલ હોવાનુ જણાવતા વુ.એ.એસ.આઇ. મનીષાબેને તેઓના પતિના મો.ફોન ઉપર સંપર્ક કરી જાણ કરતા તેઓએ જણાવેલ કે તેઓ નાઇટ ડયુટીમા છે અને સવારે પત્નીને લેવા માટે આવશે તેમ જણાવતા સદર મહિલાની સાથે વુમન એલ.આર. સરોજબેન તથા સુરેખાબેન પાસે હાજર રખાવેલ બાદ તા. ૧૫/૦૮/૨૨ ના રોજ સવારના સદર મહિલાના પતિ આવતા તેઓને પુછતા તેઓએ જણાવેલ કે ઉછીના પૈસા આપેલ અને પરત ન આપતા ઝઘડો થતા તેઓની પત્નીને લાગી આવતા તેઓએ આ પગલુ ભરેલ હોય તેમ લાગે છે જેથી સદર મહિલાના તથા તેઓના પતિનુ નિવેદન મેળવી મહિલાનો કબજો  તેના પતિને રૂબરૂમા સોંપવામા આવેલ છે. જે બાબતે સ્ટે.ડા.માં નોધ કરવામાં આવેલ

**(૬) વડોદરા રે.પો.સ્ટે. પાર્ટ-બી ગુ.ર.નં. ૧૧૨૧૨૦૦૮૨ ૨૦૪૬૬/૨૨ NDPS Act કલમ-૮(સી), ૨૦(બી)ii,સી મુજબ. તા. ૧૩/૦૯/૨૦૨૨ :-**

વડોદરા રે.પો.સ્ટે. પાર્ટ-બી ગુ.ર.નં. ૧૧૨૧૨૦૦૮૨ ૨૦૪૬૬/૨૨ NDPS Act કલમ-૮(સી), ૨૦(બી)ii,સી મુજબના ગુનામાં તા.૧૨/૦૯/૨૨ ના કલાક-૨૧/૨૩ વાગે મીયાગામ-કરજણ રે.સ્ટે. પસાર થયા બાદ ટ્રેન નં. ૨૦૮૧૯ પુરી-ઓખા દ્વારકા એક્સ ટ્રેનના આગળના એ.સી. કોચની બાજુમા આવેલ જનરલ ડબ્બાના પ્રથમ કમ્પાર્ટમેન્ટના સામાન રાખવાના સ્ટેન્ડ ઉપરથી રનીંગ ટ્રેનમા કોઇ અજાણ્યા ઇસમે પોતાના આર્થિક લાભ માટે ૮૪.૯૮૦ કીલોગ્રામ ગાંજો કિં.રૂા. ૮,૪૯,૮૦૦/- ૦૩ ટ્રોલી બેગ, ૦૧ થેલો, ૦૧ બેગપેક કિં. રૂા. ૨૦૦૦/-, પેકીંગ મટીરીયલ કિં.રૂા. ૦૦/- મળી કુલ કિં.રૂા. ૮,૫૧,૮૦૦/- નો આયાત કરી પોલીસમા પકડાઇ જવાના ડરે ગાંજાનો જથ્થો બિનવારસી હાલતમા છોડી નાસી ગયેલ જે મળી આવતા ઉપરોકત નંબર, કલમથી ગુનો રજીસ્ટર કરવામા આવેલ છે.

Sd/-
પોલીસ અધિક્ષક,
પશ્ચિમ રેલ્વે, વડોદરા